Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website : http://www.bknmu.edu.in Email : cebknmu@gmail.com

પરીપત્ર :-

**વિષય : આગામી નવેમ્બર- ૨૦૨૦ માં યોજાનાર બી.એડ./પી.જી. સેમ. ૪ (પુરક પરીક્ષા) ના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને સવિનય જણાવવાનું કે **નવેમ્બર- ૨૦૨૦** માં યોજાનાર **બી.એડ./પી.જી. સેમ. ૪ (પુરક પરીક્ષા)** નાં વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી ની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં **કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે** જેની સર્વે સબંધીતોએ નોંધ લેવી.

| મુદ્દા નંબર | વિગત | પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ | રીમાર્ક |
|---|---|---|---|
| ૧. | ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૦ ની પરીક્ષા માટે રેગ્યુલર પરીક્ષા ફોર્મ ભરેલ હોય તેમજ Covid-19 ને કારણે રેગ્યુલર પરીક્ષા સંપુર્ણ અથવા આંશીક પરીક્ષા આપેલ ન હોય. (પૂર તેમજ કુદરતી આફતને કારણે પરીક્ષા કેન્દ્ર સુધી આવી શકે તેમ ન હતા તેવા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.) | **રેગ્યુલર ફી સાથે** તા. ૨૮-૧૦-૨૦૨૦ થી તા. ૦૩-૧૧-૨૦૨૦ | પરીક્ષા ફોર્મ ફી ભરવાની રહેશે નહીં. |
| ૨. | જે વિદ્યાર્થીઓ દ્વારા શરતચુકથી ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૦ માં યોજાયેલ બી.એડ./પી.જી. સેમ. ૪ નું પરીક્ષા ફોર્મ ભરવાનું બાકી રહેલ હોય તેવા વિદ્યાર્થીઓ | **રેગ્યુલર ફી સાથે** તા. ૨૮-૧૦-૨૦૨૦ થી તા. ૦૩-૧૧-૨૦૨૦ | આ વિદ્યાર્થીઓએ ફી માળખા મુજબ પરીક્ષા ફોર્મ ફી ભરવાની રહેશે |
| ૩. | બી.એડ./પી.જી. સેમ. ૪ માં રેગ્યુલર પરીક્ષા આપેલ છે તેમજ આપેલ પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ તેમજ પુન:મુલ્યાંકન માટે અરજી કરેલ છે તેવા વિદ્યાર્થીઓ | પુન:મુલ્યાંકનનું પરીણામ જાહેર થયા બાદ પરીક્ષા ફોર્મ ભરવામાં આવશે. | |

**ખાસ નોંધ:**

૧. છેલ્લી તારીખ બાદ ફરજીયાત દિવસ ૧(એક)માં ફી મેમો, ચેકલિસ્ટ, તેમજ પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગ માં જમા કરાવવાની રહેશે તથા પરીક્ષા ફોર્મ ફી "રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

૨. બી.એડ./પી.જી. સેમ. ૪ માં જે વિદ્યાર્થીઓ ઇન્ટર્નલ પરીક્ષામાં નાપાસ થયેલ છે તેવા વિદ્યાર્થીઓની ઇન્ટર્નલ પરીક્ષાનું આયોજન કોલેજ/વિભાગ/પી.જી. સેન્ટર તેમજ અનુસ્નાતક ભવન દ્વારા કરવાનું રહેશે.

૩. બી.એડ./પી.જી. સેમ. ૪ (પુરક પરીક્ષા) માટેના પરીક્ષા કેન્દ્રો જે-તે જીલ્લા મથક રહેશે.

૪. જે વિદ્યાર્થી મુદ્દા નં ૧ મુજબ સંપુર્ણ અથવા આંશીક પરીક્ષા આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા ફી ન લેવાની હોવાથી કોલેજ દ્વારા તેવા વિદ્યાર્થી વેરીફાય કરી વિદ્યાર્થીઓની હોલટીકીટ(સહી સાથેની) પરીક્ષા ફોર્મ સાથે પરીક્ષા વિભગમાં જમા કરવાની રહેશે.

**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૯૮૬/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૬/૧૦/૨૦૨૦

પ્રતિ, યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનો તરફ....

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે )
(૩) હિસાબી શાખા.